# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-01-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – બીટિંગ રીટ્રીટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બીટિંગ રીટ્રીટ 2026 ના પ્રદર્શનને યાદગાર ગણાવ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ બીટિંગ રીટ્રીટની ઝલક શેર કરી અને કહ્યું કે બીટિંગ રીટ્રીટ 2026 માં આર્મી મિલિટરી બેન્ડ દ્વારા રજૂ કરાયેલી ધૂન ઉત્તમ હતી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર, વંદે માતરમના 150 વર્ષ, ભારતની નારી શક્તિનો ક્રિકેટ વિજય, તેમજ અશ્ની ડ્રોન, ભૈરવ બટાલિયન અને પ્રાચીન 'ગરુડ વ્યુહ' યુદ્ધની રજૂઆતો શાનદાર હતી.

શ્રી મોદીએ બીટિંગ રીટ્રીટમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના બેન્ડ દ્વારા રજૂ કરાયેલી વિવિધ રચનાઓની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ ધૂન જીવંતતાથી ભરેલી હતી અને આપણા રાષ્ટ્રનું રક્ષણ કરનારાઓ પ્રત્યે ગર્વની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

**-----------------------------------------------------------------------------------------**

## રેલવે મંત્રાલય : મુંબઇ – અમદાવાદ બુલેટ ટ્રેન : સ્ટિલ બ્રીજ

ભારતીય રેલ્વેએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદ જિલ્લામાં ભૂગર્ભ મેટ્રો ટનલ પર 100 મીટર લાંબા મેક ઇન ઇન્ડિયા સ્ટીલ બ્રિજનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. રેલ્વે મંત્રાલયે ગઇકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાજ્યમાં આયોજિત કુલ 17 સ્ટીલ બ્રિજમાંથી આ ગુજરાતમાં પૂર્ણ થયેલ 13મો સ્ટીલ બ્રિજ છે. તેમાં ઉમેર્યું હતું કે આ હાઇ-સ્પીડ રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે અને હાલની શહેરી પરિવહન પ્રણાલીઓની સલામતી સુનિશ્ચિત કરશે.

---

## ગુજરાત SIR ડેટા

ચૂંટણી પંચે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા **– S.I.R.** પ્રક્રિયા હેઠળ કરાયેલી કામગીરીની વિગતો જાહેર કરી છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે**,** ચૂંટણી પંચને 28 જાન્યુઆરી સુધીમાં મતદાર યાદીમાંથી નામ કમી કરવા નવ લાખ 88 હજાર 621 ફોર્મ-7 મળ્યા છે. જ્યારે યાદીમાં નામ ઉમેરવાના છ લાખ 88 હજાર 116 ફોર્મ-6 અને 6-**A** મળ્યા છે. ચૂંટણી અધિકારી દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી નિકાલ કરાશે.

મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા કે બાકાત થવા સંબંધિત વાંધા કે દાવા **આજે** રજૂ કરી શકશે.

---

## ગાંધીધામ નગરપાલિકા નવું સીમાકન

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કચ્છ જિલ્લાની પ્રથમ મહાનગરપાલિકા ગાંધીધામ માટે રચના સીમાંકન અને અનામત બેઠકોની યાદી જાહેર કરવામાં આવી હતી. ગાંધીધામ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે વર્ષ 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ 13 વોડની રચના કરવામાં આવી છે. જેની કુલ 52 બેઠક પૈકી પછાત વર્ગ માટે 14 અનુસૂચિત જાતિ માટે 10 અને અનુસૂચિત આદિજાતિ માટે એક બેઠક અનામત રાખવામાં આવી છે.

---

## ગાંધી નિર્માણદિન ઉજવણી

આજે ગાંધી નિર્વાણ દિન છે પૂરા 78 વર્ષ પહેલાં આજના દિને  રાષ્ટ્રપિતા હત્યારાની ગોળીઓનો શિકાર થયા હતા એ દિવસ શુક્રવાર હતો. જોગાનુજોગ આજે એ ગોઝારા શુક્રવારની કારમી સ્મૃતિ તાજી થાય છે. ગાંધી નિર્વાણ દિન શાહિદ દિવસ તરીકે મનાવાય છે. દેશની આઝાદી કાજે શહીદી વહોરી લેનાર નામી અનામી શહીદોની સ્મૃતિ સવારે 11 વાગ્યે દેશભરમાં

બે મિનિટ મૌન પાળવામાં આવે છે. કચ્છમાં ભુજ ગાંધીધામ અને  અન્ય સ્થળોએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિના કાર્યક્રમો યોજાય છે.

ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દી ઉજવણીના વર્ષભર ચાલેલા કાર્યક્રમોનું આજે સમાપન થશે. આદિપુરમાં ગાંધી સમાધિ ખાતે આજે સાંજે યોજાનારા સમારોહમાં અમદાવાદ અને કચ્છના સ્થાનિક કલાકારો સંગીત સભર સ્મૃતિ વંદના કાર્યક્રમ રજૂ કરશે.

દરમિયાન આજે ભુજની સ્થાનિક સંસ્થાના પ્રકલ્પ હોમ્સ ઇન ધ સીટી, અનોખો યુવામંચ, ભુજ બ્લોગર્સ, કચ્છ યુવાનિર્માણ સમાજ દ્વારા ભુજ પાલિકાના સહયોગ સાથે સફાઈ અભિયાન યોજાશે. જેમાં ભુજના યુવાનો, ભુજ બ્લોગર્સના પ્રતિનિધિઓ, રામનગરીના રહેવાસીઓ, શાળાના છાત્રો સ્વેચ્છાએ જોડાવાના છે તેમજ ભુજ પાલિકાની ટીમ સહયોગી બની રહેશે. સાંજે 5 વાગ્યે પર્યાવરણ અને સ્વરાજ જેવા ગાંધીજીના વિચારો પર ભુજના આર્યસમાજ હોલ ખાતે એક સંવાદનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------------

## મહિલા પ્રીમિયર લીગ મેચ

મહિલા પ્રીમિયર લીગ 2026 ની વડોદરામાં રમાયેલી એક મહત્વપૂર્ણ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ યુપી વોરિયર્સને એક તરફી અંદાજમાં આઠ વિકેટ હરાવ્યું. આ જીત સાથે સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપ વાળી આરસીબીએ ટેબલમાં ટોચના સ્થાને રહેતા સીધા ફાઇનલમાં પ્રવેશ મેળવ્યું છે જ્યારે યુપી વોરિયર્સની પ્લેઓફની આશાઓનો અંત આવ્યો છે. આજે ગુજરાત જાયન્ટસનો મુકાબલો મુંબઇ ઇન્ડિયન સામે થશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં આગામી 48 કલાકમાં ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, 48 કલાક બાદ ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડી વધી શકે છે. **ગઇકાલે** સાત ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર

રહ્યું **હતું.** બીજી તરફ**,** પવનની ગતિ તેજ હોવાના કારણે માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ હોવાનું શ્રી દાસે ઉંમેર્યું.

---------------------------------------------------------------------------------------------